# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2556 ❖ જયેષ્ઠ પૂર્ણિમા ❖ 3 જૂન 2012 ❖ વર્ષ – 13 ❖ અંક – 3 ❖ સળંગ અંક - 147


## ધમ્મવાણી

**सीलं समाधि पञ्ञा च, विमुत्ति च अनुत्तरा**
**अनुबुद्धा इमे धम्मा, गोतमेन यसस्सिना**
**दी० नि० २.३. १८६ महावग्गो**

યશસ્વી ગૌતમે શીલ, સમાધિ, પ્રજ્ઞા અને વિમુક્તિ. આ ચાર ધર્મોનો પ્રત્યક્ષ અનુભવ કરી લીધો છે.

## શીલ - સમાધિ - પ્રજ્ઞા

ભગવાન બુદ્ધના જીવનકાળમાં તો તેમણે શીખવેલા સર્વજનીન ધર્મનો વિકાસ થયો જ. પરંતુ, ત્યાર બાદ પણ લગભગ ચારસો વર્ષ સુધી કોઇ સામૂહિક વિરોધ વિના તેનો વિકાસ થતો જ રહ્યો.

જો તેમણે પોતાના શિક્ષણને 'ધર્મ' ન કહેતાં 'બૌદ્ધધર્મ' કહ્યું હોત તો તે પણ એક સંપ્રદાય બની રહેત અને સાંપ્રદાયિકતાની બધી જ ખામીઓ તેમાં સમાઇ જાત.

ભિન્ન ભિન્ન સંપ્રદાયોની ભિન્ન ભિન્ન દાર્શનિક માન્યતાઓ, કર્મકાંડ, વેશભૂષા, પર્વોત્સવ, વાર–તહેવાર, આદિ હોય છે. સંપ્રદાયવાદીઓ આને જ પોતપોતાનો ધર્મ કહે છે. આ ભિન્ન ભિન્ન ધર્મોને લઇને તેઓ પરસ્પર એકબીજા સાથે લડે છે, ઝઘડે છે, નિંદા કરે છે અને કટુવચનોથી બીજાંનાં હૃદયોને તીરની માફક વીંધવાનું કામ કરે છે. જેમ જન્મ પર આધારિત નાત–જાતની, ઊંચ–નીચની માન્યતા સમાજમાં વિભાજન પેદા કરે છે, તેમ ભિન્ન ભિન્ન સંપ્રદાયોના મતભેદ દ્વેષ–દુર્ભાવનાઓ પેદા કરીને વિભાજન કરે છે. આથી પારસ્પરિક સ્નેહ–સદ્ભાવના નષ્ટ થઇ જાય છે. આનાથી વિપરિત, ભગવાને જે સર્વજનીન ધર્મ શીખવ્યો તે બધાંનો હોવાને કારણે તોડવાનું નહિ, જોડવાનું કામ કરે છે. લોકોએ આ સચ્ચાઇ સમજી. આથી બુદ્ધની શિક્ષાનો નિર્વિરોધ ફેલાવો થવા લાગ્યો. તેનો પ્રભાવ વધવા લાગ્યો અને વિકાસ થતો ગયો. ભગવાન સ્વયં શીલ, સમાધિ, પ્રજ્ઞાના અભ્યાસ કરીને ભવમુક્ત થયા, સમ્યક સંબુદ્ધ બન્યા અને લોકોને પણ શીલ, સમાધિ, પ્રજ્ઞાનો આર્ય આષ્ટાંગિક માર્ગનો અભ્યાસ કરવાનું શીખવ્યું, જે બધાંનો ધર્મ છે, કોઈ એક સંપ્રદાય સુધી સીમિત નથી.

**શીલ :**

શરીર અને વાણીથી એવું કોઈ કામ ન કરો, જેનાથી બીજાંની હાનિ થાય, તેમની સુખશાંતિ ભંગ થાય. શીલની આ શિક્ષા બધા સંપ્રદાયોને માન્ય હતી. શીલની આ શિક્ષાને ભગવાન ઊંડાણ સુધી લઇ ગયા. તેમણે શીખવ્યું કે મન દૂષિત હોય તો શરીર અને વાણી દ્વારા દુષ્કર્મો થતાં જ રહે છે. કેમ કે તેની ઉત્પત્તિ તો મનમાંથી જ થાય છે. જો મન મેલું હોય તો શરીર અને વાણીથી દુષ્કર્મ થઈ જ જાય છે. આથી ભગવાને નિર્મળ ચિત્ત દ્વારા શીલપાલન કરવાનું શીખવ્યું. ભલા આનો વિરોધ કોઈ શું કરે?

**સમાધિ :**

જેમ આજે થાય છે, તેમ એ વખતે પણ કોઈ મંત્ર–જાપ અથવા કોઈ આકૃતિ કે રંગ–રૂપના ધ્યાનથી મનને એકાગ્ર કરાતું હશે. એનાથી થોડા અંશે મનનો ઉપર–ઉપરનો હિસ્સો એકાગ્ર થઇ જવાથી નિર્મળતા અને શાંતિ પ્રાપ્ત થાય છે. પરંતુ, જયારે મનનાં ઊંડાણમાં દબાએલો વિકાર ઊભરાઈને ઉપર આવે છે ત્યારે આખા માનસને મલિન કરી નાખે છે, સમાધિ મંદ થઈ જાય છે. ભગવાને સંપૂર્ણ ચિત્તથી નિર્મળતાના આધારે કરાતી સમાધિને જ 'સમ્યક' કહી અને શીખવી તો લોકો તેનો વિરોધ કેમ કરે!

**પ્રજ્ઞા :**

પ્રજ્ઞાનો ઉપદેશ સાંભળીએ તે શ્રુત પ્રજ્ઞા. તેની ઉપર ચિંતન – મનન કરીએ તે ચિંતન-પ્રજ્ઞા. આ બંને ખરા અર્થમાં પ્રજ્ઞા નથી. પોતાના ભીતરની સચ્ચાઈને સ્વાનુભૂતિ દ્વારા સ્વયં જાણીને પોતાનું જ્ઞાન જગવીએ ત્યારે પ્રજ્ઞા ખરી પ્રજ્ઞા હોય છે. સ્વયં પોતાની અનુભૂતિ દ્વારા પ્રાપ્ત જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન છે. આ સચ્ચાઈ લોકોએ સમજી તો કઈ રીતે વિરોધ કરે?

અધ્યાત્મ જગતના આ મહાન વૈજ્ઞાનિક તપસ્વી સિદ્ધાર્થ ગૌતમે ચિત્તને પરિપૂર્ણ રૂપે શુદ્ધ કરવાની આ અજાણી સચ્ચાઈ ખોજી કાઢીને પ્રકાશિત કરી. આ ખોજમાં ખરેખરી વૈજ્ઞાનિક વિધિનો પ્રયોગ કરીને શરીર, ચિત્ત તથા એ બંનેના પારસ્પરિક સંબંધોની સચ્ચાઈને જાણવા માટે તેનું વિભાજન – વિઘટન કરતાં કરતાં તેને પૂર્ણ રીતે જાણી લીધી. એ પણ જાણી લીધું કે માનસમાં વિકારોનું આગમન અને સંવર્ધન શી રીતે થાય છે અને શી રીતે વિપશ્યના વિદ્યા દ્વારા નિતાંત સમતા પુષ્ટ કરતાં કરતાં તેનો ક્ષય કરી શકાય છે. જયાં સુધી વિકારોનો પૂર્ણ ક્ષય ન થઈ જાય ત્યાં સુધી જેટલો જેટલો ક્ષય થાય, તેટલી તેટલી તેમાંથી મુક્તિ મળે અને તેટલી તેટલી દુઃખવિમુક્તિ. આનો ભલા કોઈ કઈ રીતે વિરોધ કરે?

ભગવાન બુદ્ધની આ વૈજ્ઞાનિક અને પ્રત્યક્ષ ફળ આપનારી વિદ્યા લોકો સ્વીકારતાં ગયાં અને લાભાન્વિત થતાં ગયાં, આ રીતે સરળતાથી તેનો વિકાસ થતો ગયો. ચારસો વર્ષ બાદ સમ્રાટ અશોક આ વિદ્યા આખા ભારતમાં જ નહિ, બલકે, અનેક પડોશી દેશોમાં મોકલી અને લોકોનું કલ્યાણ કર્યું, ત્યાર બાદ દુર્ભાગ્યે ભારતમાં આ વિદ્યા પૂર્ણ રીતે નષ્ટ થઇ ગઈ. પરંતુ, હવે બે હજાર વર્ષ બાદ તે પાછી ફરી છે અને આખા વિશ્વમાં ફેલાઈ રહી છે. વિશ્વાસ છે, આગામી અઢી હજાર વર્ષો સુધી આ વિદ્યા પોતાના શુદ્ધ રૂપમાં કાયમ રહેશે અને જનકલ્યાણ કરતી રહેશે.

આ વિદ્યા થકી ભારત તથા સમસ્ત સંસારનું મંગલ થાઓ! કલ્યાણ થાઓ!

કલ્યાણમિત્ર,
સત્યનારાયણ ગોયન્કા

## જાઓ ધર્મદૂતો ! ધર્મ પ્રચારણ માટે વિચરણ કરો

જે સદ્ધર્મ છે, એટલે કે જે સત્ય પર આધારિત ધર્મ છે, તે **स्वाक्खातो** એટલે સારી રીતે આખ્યાત કરાએલો છે, સમજાવાયો છે. તેમાં કોઇ ગૂંચવણ કે ભૂલભૂલામણી નથી. સ્પષ્ટ છે તેથી સદ્ધર્મ છે. સદ્ધર્મ **सन्दिट्ठिको** એટલે પ્રત્યક્ષ સચ્ચાઇ પર આધારિત છે. તેના પાલન કરવાનું ફળ પણ **अकालिको** છે. અર્થાત્, હમણાં અહીં જ મળવા લાગે છે. જે તેના જરાક પણ રસ ચાખી લે છે, તેનાથી રહેવાતું નથી, બીજાઓને કહેવા લાગે છે, **एहिपस्सिको** એટલે કે આવો, તમે પણ ચાખીને જુઓ. જો, આ કઇ રીતે **ओपनेय्यिको** એટલે કદમ કદમ દુઃખ મુક્તિ તરફ લઇ જાય છે. **पच्चत्तं वेदितब्बो विञ्ञूहि** એટલે પ્રત્યેક સમજદાર વ્યક્તિને માટે સ્વયં અનુભવ કરવા યોગ્ય છે.

એક સામાન્ય સાધક પણ સ્વયં ચાખીને બીજાને **एहिपस्सिको** ''આવો, જુઓ!'' ના પોકાર કરવા લાગે છે. અહીં તો ૬૦ વિપશ્યી અરહંતો છે. જે શીખ્યું છે, તેને પોતાના સુધી સીમિત શી રીતે રાખી શકે? માનસમાં લોકહિતની પ્રબળ ભાવના જાગવા લાગી. ભગવાન પણ એમ જ ઇચ્છતા હતા. ઋષિપત્તન મૃગદાવમાં પહેલો વર્ષાવાસ પૂરો કરીને અશ્વિની શરદપૂર્ણિમાના દિવસે ભગવાને આ ૬૦ ધર્મદૂત અરહંતોને પ્રોત્સાહિત કર્યા કે તેઓ સદ્ધર્મ પ્રચારણ માટે વિચરણ કરે **चरथ भिक्खवे, चारिकं, बहुजनहिताय बहुजन सुखाय.**

દુઃખિયારાંની સંખ્યા બહુ મોટી છે. ધર્મપ્રચારણનું ક્ષેત્ર બહુ મોટું છે. તેથી એવી રીતે ચારિકા કરો કે અધિકમાં અધિક લોકો સાથે ધર્મસંપર્ક થઇ શકે, અધિકમાં અધિક લોકોનું હિત સધાય, તેમને સુખ પ્રાપ્ત થાય. લોકો પર અનુકંપા કરીને ધર્મચારિકા કરો, ધર્મ વહેંચો, જેથી દેવો અને મનુષ્યોનું એટલે કે રાજાઓ અને પ્રજાઓનું હિતસુખ સધાય.

ધ્યાન રાખશો કે અધિકમાં અધિક લોકો લાભાન્વિત થાય. આ નિમિત્તે અલગ-અલગ એકલાં ચારિકા કરે કોઇ પથ પર એકી સાથે બે ધર્મદૂત ન જાય. **मा एकेन द्वे अगमित्थ** પ્રત્યેક ધર્મદૂત અલગ પથ પર એકલો જાય, જેથી અધિક જનોનો સંપર્ક થાય અને તેમને ધર્મ મળી શકે.

બહુજનોને ધર્મ સમજાવો. કેવળ શબ્દોમાં જ નહી, બલ્કે સ્પષ્ટ રીતે અર્થોમાં સમજાવો. **सात्थं सब्यञ्जनं.** કેવળ ઉપદેશો દ્વારા સૈદ્ધાંતિક રૂપમાં જ નહિ, બલ્કે આ બ્રહ્મચરણને એટલે કે ધર્માચરણને પોતાના જીવનમાં ઉતારીને તેના ક્રિયાત્મક રૂપને પ્રકાશિત કરો. **ब्रह्मचरियं पकासेथ।**

સર્વજનીન ધર્મનો ઉપદેશ આપો, જે બધાંનો છે. કોઇ સંપ્રદાયવિશેષનો નથી. તેથી તેને 'ધર્મ' કહ્યો. 'બૌદ્ધધર્મ' નહીં. સર્વજનીન ધર્મ પણ એવો, જે આદિમાં કલ્યાણકારી, મધ્યમાં કલ્યાણકારી અને અંતમાં કલ્યાણકારી છે. એટલે કે શીલમાં કલ્યાણકારી, સમાધિમાં કલ્યાણકારી અને પ્રજ્ઞામાં કલ્યાણકારી છે.

જે કોઇ વ્યક્તિ શીલમાં પરિપકવ થાય, તેની સમાધિ મહાફળદાયિની હોય છે. જે સમાધિમાં પરિપક્વ થાય તેની પ્રજ્ઞા મહાફળદાયિની હોય છે, જે પ્રજ્ઞામાં સ્થિત થઇને સ્થિતપ્રજ્ઞ થઇ જાય છે, તે સર્વથા દુઃખમુક્ત થઇ જાય છે, ભવમુક્ત થઇ જાય છે; મુક્તિનું આ ફળ કોઇ સંપ્રદાયવિશેષના લોકો સુધી સીમિત નથી, બલ્કે બધાંને માટે છે.

શીલ-સમાધિ-પ્રજ્ઞાનો આ આર્ય આષ્ટાંગિક માર્ગીય વિપશ્યના-ધર્મ સર્વથા પરિપૂર્ણ છે. તેમાં કશું જોડવાની આવશ્યકતા નથી. જોડવાથી દૂષિત થઇ જશે, મલિન થઇ જશે. આ ધર્મ સર્વથા પરિશુદ્ધ છે. અશુદ્ધ માનીને તેમાંથી કશું કાઢી નાખવાથી એ ક્ષીણ થઇ જશે, દુર્બળ થઇ જશે.

આ સમજાવતાં ભગવાને કહ્યું- ભિક્ષુઓ ! **लोकानुकम्पाय**, લોકો પર અનુકંપા કરીને, બહુજનોના હિતને માટે, બહુજનોનાં સુખને માટે વિચરણ કરો.

**वरो वरञ्ञु वरदोवराहरो अनुत्तरो धम्मवरं अदेयसि (खुद्दकपाठ ६, रतनसुत्त - १४)**

શ્રેષ્ઠને જાણનાર, દેનાર, લાવનાર શ્રેષ્ઠ બુધ્ધે અનુત્તર ધર્મનો ઉપદેશ આપ્યો.

## સજગતા અને સમતા કેળવો

**પ્રશ્ન : ૧ ઘણી સંવેદનાઓ નથી તો સુખદ હોતી કે નથી દુઃખદ, તેથી આપણે તેના પ્રત્યે રાગ કે દ્વેષ કરતાં નથી હોતાં. (છતાંય) એવી સંવેદનાઓ આપણે શા માટે જોવી જોઇએ ?**

**ગોયન્કાજી :** બહુ સરસ પ્રશ્ન ! સંવેદનાઓ ત્રણ પ્રકારની હોય છે : સુખદ, દુઃખદ અને અસુખદ-અદુઃખદ. સામાન્ય રીતે વ્યક્તિ સુખદ સંવેદના પ્રત્યે રાગ અને દુઃખદ સંવેદના પ્રત્યે દ્વેષ કરે છે. તો પછી અસુખદ-અદુઃખદ સંવેદનાનું શું છે? તમારે આ સુખદ-અદુઃખદ સંવેદના ધ્યાનપૂર્વક જોવાની છે, જેથી તમે તેના અનિત્ય સ્વભાવને સમજી શકો. જો તમે તેના અનિત્ય સ્વભાવને સમજી શકો, જો તમે સત્ય સાથે છો, તો તમારું મન એટલું તીક્ષ્ણ બની જશે કે તમે રાગ, દ્વેષ કે મોહ પેદા નહિ કરો. તેથી આ અસુખદ-અદુઃખદ સંવેદનાઓનો પણ ઉપયોગ કરો અને સમજતાં રહો કે એ સંવેદનાઓનો સ્વભાવ પણ બદલતા રહેવાનો છે.

**પ્રશ્ન : ૨ વિપશ્યના કરતાં કરતાં ક્યારેક મારું મન ખૂબ ભટકવા લાગે છે. આ પરિસ્થિતિમા હું આનાપાન કરી શકું?**

**ગોયન્કાજી :** આનાપાન કરવી જોઇએ. મન જયારે ખૂબ ભટકતું હોય છે ત્યારે વિપશ્યના કરવી મુશ્કેલ હોય છે. તેથી જયારે જયારે તમારું મન ખૂબ વ્યાકુળ હોય, જીદ્દી હોય અને કામ કરવા જ ન માંગતું હોય ત્યારે ત્યારે તમારે આનાપાન કરવાનું શરૂ કરી દેવું જોઇએ. થોડીવાર આનાપાન કર્યા પછી જયારે મન શાંત થઇ જાય પછી ફરીથી વિપશ્યના કરી શકાય. જો તમારું મન બહુ અશાંત હોય તો તમે થોડીવાર આનાપાન કરીને પછી વિપશ્યના અને આનાપાન બંને સાથે કરી શકો. એક શ્વાસ સાથે શરીરના એક ભાગની સંવેદના જાણો, અને પછીના શ્વાસ સાથે શરીરના પછીના ભાગની સંવેદના જાણો. શ્વાસોચ્છવાસની સાથે સંવેદનાને જાણો. પછી મન ઓછું ભટકશે કેમ કે તમે તેને ધ્યાનમાં બે આલંબન આપી દીધાં હોય છે.

શક્ય હોય ત્યાં સુધી મનના ઊંડાણમાંથી વિકારોના ક્ષય કરવા માટે વિપશ્યના જ કરો. પણ જો તમારું મન સંવેદના જોઇ જ ન શકતું હોય તો આનાપાન કરો. આપણે આપણા શત્રુઓનો સામનો કરવામાં વિપશ્યનાનો પ્રયોગ કરવાનો હોય છે આનાપાન આપણને આપણા હથિયારોની ધાર કાઢવામાં સહાયક હોય છે જેથી આ શત્રુઓ સામે વધુ સારી રીતે લડી શકીએ.

**પ્રશ્ન : ૩ આપણને શરીરના જુદા જુદા ભાગમાં જુદી જુદી સંવેદના શા માટે મળે છે?**

**ગોયન્કાજી :** સંવેદનાનું કોઈ એક કારણ નથી હોતું. ઘણાં કારણ હોય છે. વાતાવરણને લીધે, ઈજા કે રોગને લીધે, એક બેઠકમાં લાંબો સમય બેસી રહેવાનો લીધે, ભોજનને લીધે અથવા જૂના કર્મ સંસ્કારોને લીધે સંવેદનાઓ થતી હોય છે. કારણ કયું છે તે મહત્ત્વનું નથી. સંવેદના ભલે ગમે તેવી હોય, આપણે તેને જાણીએ અને સમતામાં સ્થિત રહીએ. વિકારોને લીધે સંવેદના થતી હોય તો પણ અનેક પ્રકારના વિકારો હોય છે તેથી કયા વિકારને લીધે કઇ સંવેદના થઇ તે જાણવું શક્ય નથી. તેથી તમારે આના ઊંડાણમાં ન જવું જોઇએ.

ઉદાહરણ તરીકે આપણે કોઇ મેલું કપડું ધોવાનું હોય તો આપણે પાણી અને સાબુ લઇને એના પર સાબુ ઘસીએ છીએ. એ જાણવાની જરૂર નથી હોતી કે કપડું ક્યાં, કયારે અને કઇ રીતે મેલું થયું. કપડું મેલું છે, આપણા હાથમાં સાબુ છે, બસ આપણે કપડું સાફ કરવાનું છે. એ જ રીતે આપણને વિપશ્યનાની વિધિ આવડી ગઇ. સંવેદનાનું તે કારણ હોય કે સંવેદના ગમે તે પ્રકારની હોય, આપણે તેને જાણવાની છે અને તેના અનિત્ય સ્વભાવને સમજવાનો છે.

કલ્યાણમિત્ર,

સત્યનારાયણ ગોયન્કા

ધમ્મસેવકોની કાર્યશાળા તથા
જૂના સાધકોનો સેમિનાર
તા. ૪ ઓગસ્ટ ૨૦૧૨ સવારે ૧૦ વાગ્યાથી
તા. ૫ ઓગસ્ટ ૨૦૧૨ સાંજે ૪ વાગ્યા
સુધી રહેશે. શકયતઃ તા. ૩ ઓગસ્ટ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો.
અન્યથા, મોડામાં મોડું તા. ૪ ઓગસ્ટ
સવારે ૯ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું
મોકલી આપવા વિનંતી.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ૪-૮-૧૨ થી તા. : ૫-૮-૧૨ સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ______________________

ઉંમર : __________ પુરુષ/સ્ત્રી : __________ શિક્ષણ : __________

સરનામું : ______________________

______________________

______________________

ફોન : __________ મોબાઇલ : __________ ઇ-મેઇલ : __________

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : __________

હોદ્દો : __________ નોકરી/ધંધાની વિગત : __________

## ધમ્મ સેવક/સેવિકા/ટ્રસ્ટી/જૂના સાધકોનું કાર્યશાળા/સંમલેન, ૨૦૧૨

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતા જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના બહુજન હિતાય બહુજન સુખાય અર્થે ધર્મ પ્રસારના મિશનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક સાધક ભાઇ-બહેનોના સક્રિય સહયોગના પરિણામસ્વરૂપ સૌરાષ્ટ્રના નાનાં-મોટાં અનેક સ્થાનો જેમ કે જૂનાગઢ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, પોરબંદર, ભાવનગર, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વિરમગામ, જામનગર, ઉના, દિવ, વગેરે સ્થાનોથી વર્ષમાં લગભગ બે વખત ધમ્મકોટ કેન્દ્ર પર સ્પેશ્યલ વાહન કરી સાધકો આવે છે. અનેક લોકોને ધર્મના પથ પર કદમ માંડવાનો કે આગળ વધવાનો અવસર

### બાળ શિબિર શિક્ષક (CCT) કાર્યશાળા-૨૦૧૨

**પ્રથમ કાર્યશાળા :**
**તા. ૨૧ જુલાઇ થી ૨૪ જુલાઇ**
**ધમ્મસિંધુ-બાડા**

ધમ્મસિંધુ, બાડા પર ઉપર્યુક્ત કાર્યશાળા તા. ૨૧ જુલાઇ સવારે ૯:૦૦ થી તા. ૨૪ જુલાઇ સાંજે ૪:૦૦ સુધી યોજાશે.

ભાગ લેવા ઇચ્છુક CCT રજિસ્ટ્રેશન માટે સંપર્ક કરે :

(૧) ધમ્મસિંધુ કેન્દ્ર : (૦૨૮૩૪) ૨૭૩૩૦૩

E-mail : dhammasindhu@hotmail.com

(૨) જયેન્દ્રસિંહ જાડેજા : ૯૪૨૭૭૧૮૫૧૫

E-mail : jm_jadeja@hotmail.com

**નોંધ** :– ધમ્મસિંધુ કેન્દ્ર પર અગાઉ જાહેર કરાયેલ ૧દિવસીય શિબિર (૨૨ જુલાઇ) તથા જૂના સાધકો માટેનો કાર્યક્રમ (૨૩ જુલાઇ) રદ કરેલ છે.

### રાજકોટ - સમૂહ સાધના

દર રવિવારે
સવારે ૮ થી ૯ તથા દર ત્રીજા રવિવારે
સવારે ૮ થી ૧૦ સામૂહિક સાધના
અને ધર્મ ચર્ચા : માસૂમ સ્કૂલ ખાતે

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. | ''ધમ્મ અંબિકા'' | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૯૫૩૭૨ ૬૬૯૦૦૯ ૯૮૨૫૦ ૪૪૫૩૬ ૦૨૬૩૪-૨૯૧૧૦૦ ૦૨૬૩૪-૨૯૨૫૨૧ | ૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦. (0265) 2341181 (M) 94263 32180 E-mail : vvs04@ hotmail.com |

### ૨૦૧૧/૧૨ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | | | |
|---|---|---|---|---|---|
| 27-06 to 08-07-12 | 27-06-12 to 08-07-12 | 06-07-12 to 17-07-12 | 06-07-12 to 17-07-12 | 01-08-12 to 12-08-12* | 05-09-12 to 16-09-12 |
| 09-07 to 20-07-12 | 10-07-12 to 21-07-12 | 20-07-12 to 31-07-12 | 20-07-12 to 31-07-12 | 15-08-12 to 26-08-12 | 03-10-12 to 14-10-12 |
| 21-07 to 01-08-12 | 24-07-12 to 04-08-12 | 01-08-12 to 12-08-12 | 15-08-12 to 26-08-12 | 01-09-12 to 12-09-12* | 28-10-12 to 08-11-12 |
| 08-08 to 19-08-12 | 28-08-12 to 08-09-12 | 15-08-12 to 26-08-12 | 12-09-12 to 23-09-12 | 15-09-12 to 26-09-12 | 12-12-12 to 23-12-12 |
| 22-08 to 02-09-12 | 10-09-12 to 21-09-12 | 29-08-12 to 09-09-12 | 26-09-12 to 07-10-12 | *શિબિર ભરાઇ ગઇ છે. જગ્યા નથી | |
| 05-09 to 16-09-12 | 24-09-12 to 05-10-12 | 12-09-12 to 23-09-12 | 10-10-12 to 21-10-12 | **સતિપટ્ઠાન** | |
| 27-10 to 07-11-12 | 06-10-12 to 17-10-12 | 26-09-12 to 07-10-12 | 24-10-12 to 04-11-12 | 30-06-12 to 08-07-12 | |
| 09-11 to 20-11-12 | 19-10-12 to 30-10-12 | 10-10-12 to 21-10-12 | 16-11-12 to 27-11-12 | **બે દિવસીય** | |
| 21-11 to 02-12-12 | 01-11-12 to 12-11-12 | 24-10-12 to 04-11-12 | | 14-07-12 to 15-07-12 | |
| 05-12 to 16-12-12 | 14-11-12 to 25-11-12 | 11-11-12 to 22-11-12 | | 28-07-12 to 29-07-12 | **: ધર્મજ :** |
| 19-12 to 30-12-12 | | | | **:: સરનામું ::** નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઇવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ તા.: ગણદેવી | હેમંતભાઇ પટેલ (૦૨૬૯૭) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫ 05-07-12 to 16-07-12 06-09-12 to 17-09-12 18-11-12 to 29-11-12 |

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

### ગુરુપૂર્ણિમાના અવસરે ગ્લોબલ પગોડા પર તા. ૧ જુલાઇ, રવિવારના રોજ પૂ. ગુરુજીના સાંનિધ્યમાં એક દિવસીય મહાશિબિર

ગુરુપૂર્ણિમા નિમિત્તે ગ્લોબલ પગોડાના મોટા ધમ્મકક્ષ (ડોમ) માં સવારે ૧૧ થી સાંજે ૪ સુધી મહાશિબિરનું આયોજન. રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
રજિસ્ટ્રેશન સંપર્ક : મો. ૦૯૮૯૨૮૫૫૬૯૨, ૦૯૮૯૨૮૫૫૯૪૫ ફોન : ૦૨૨-૨૮૪૫૧૧૭૦, ૩૩૭૪૭૫૪૩, ૩૩૭૪૭૫૪૪ (ફોન બુકિંગ સમય : સવારે ૧૧ થી સાંજે ૫ સુધી)
Email Registration : oneday@globalpagoda.org
Online Registration : www.vridhamma.org
ગ્લોબલ પગોડા પહોંચવાની તથા પાછા આવવાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

કુલ કેટલી શિબિર કરી ? : ____________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ____________________

આપ કયા પ્રકારની સેવા આપવા ઇચ્છો છો? ____________________

____________________

કોઇ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? __________

____________________

તારીખ : ____________ સહી : ____________

પ્રદાન કરે છે. सब्ब दानं जीनाती. धम्म दानं जीनाती

ધર્મદાનનું આવું કલ્યાણકારી કામ અનેક સાધકોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક થઇ રહયું છે. આવી ઉત્તમ સેવા દ્વારા આપણને એક તરફ ધર્મપથ પર આગળ ધપવા માટે જરૂરી એવી પારમિતાઓનું સંવર્ધન કરવાનો અવસર મળે છે તો બીજી તરફ પૂ. ગુરુજીના ધર્મપ્રસારના અભિયાનમાં સહાયક બની પોતાની કૃતજ્ઞતા અભિવ્યકત કરવાનો મોકો મળે છે. આમ પોતાના હિતની સાથે અનેકોના હિત સુખમાં સહભાગી બનીએ છીએ.

ધર્મપ્રસારના આ મંગલકારી મિશનમાં સક્રિય એવા આપણે સહુ સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન મનન કરી શકીએ એ અર્થે જૂના સાધકો માટે ધમ્મકોટ પર બે-દિવસીય કાર્યશાળા/સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યશાળા/સંમેલન તા. ૪-૮-૨૦૧૨, શનિવારે સવારે ૧૦ વાગ્યાથી તા. ૫-૮-૨૦૧૨, રવિવારે સાંજે ૪ વાગ્યા સુધી યોજેલ છે. બહારગામના સાધકોને તા. ૩-૮-૨૦૧૨ના રાત્રિ સુધીમાં કેન્દ્ર ઉપર પહોંચવા વિનંતી. તા. ૩-૮-૨૦૧૨ સાંજે સાત વાગે તેમજ તા. ૪-૮-૨૦૧૨ સવારે ૮ વાગે ધમ્મકોટ જવા માટે સિટિ ઓફિસથી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

આ સંમેલનનો લાભ ઉઠાવવા આપના મહત્તમ સૂચનો, વિચારો, અનુભવો, પ્રશ્નો લખી મોકલવા વિનંતિ.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉતરોત્તર પ્રગતિ કરતા રહીએ એ જ મંગલ કામના...

## દોહા ધરમના

ધર્મ ન હિંદૂ બૌદ્ધ હૈ, ધર્મ ન મુસ્લિમ જૈન
ધર્મ ચિત્ત કી શુદ્ધતા, ધર્મ શાંતિ સુખ ચૈન

સંપ્રદાય ના ધર્મ હૈ, ધર્મ ન બને દિવાર
ધર્મ સિખાએ એકતા, ધર્મ સિખાએ પ્યાર

જાતિ વર્ણ કા ગોત્ર કા, ચઢા શીશ અભિમાન
શુદ્ધ ધરમ કો છોડ કર, ભટક ગયા નાદાન

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

જબ જબ મનુજ સમાજ મેં, જાતિવાદ બઢ જાય
તબ તબ મંગલ ધરમ કે, સુમન સભી કુમ્હલાયં

બંધે જાતિ સે વર્ણ સે, તો હો ધર્મ મલીન
સંપ્રદાય સે જબ બંધે, હોય ધર્મબલ ક્ષીણ

જાત-પાંત કે ફેર મેં, છુટા ધરમ કા સાર
સાર છુટા નિસ્સાર હી, બના શીશ કા ભાર

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઇસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 3 જૂન 2012** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2014)

**Weighs less than 10 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org